# પ્રસ્તાવના

મારી સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ થઈ રહી છે તેનો મને આનંદ છે.

લેખનની શરૂઆત નાની વયે થઈ હતી અને શાળા-કૉલેજના વર્ષો દરમિયાન ત્રણ-ચાર સંગ્રહો થોય એટલી વાર્તાઓ 'નવનીત' અને 'આરામ' જેવાં અગ્રણી સામયિકોમાં પ્રગટ થઈ હતી. તે પછી લખવાનું અટકી ગયું. આનો માત્ર ઉલ્લેખ કરું છું; તે વાર્તાઓને ગ્રંથસ્થ કરવાનો વિચાર ક્યારેય આવ્યો નથી.

લાંબા વિરામ પછી લખવાનું 1997માં શરું કર્યું અને આજ સુધી નિયમિત લખતો રહ્યો છું. સર્જન પ્રવૃત્તિએ જીવનમાં પાછલાં વર્ષોમાં મને જીવંત રાખ્યો છે અને આંતરિક સમૃદ્ધિ આપી છે. આ મારી પ્રાપ્તિ છે. આ નિમિત્તે કેટલાંક મિત્રો મળ્યા, નનો પણ સહૃદય વાતકોનો વર્ગ મળ્યો.

આ વાર્તાઓ 'નવનીત સમર્પણ', 'શબ્દસૃષ્ટિ', 'પરબ', 'ગદ્યપર્વ' તથા અન્ય સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થઈ છે. તે માટે તેના સંપાદકો દીપક દોશી, હર્ષદ ત્રિવેદી, રમેશ દવે, યોગશ જોષી તથા ભરત નાયકનો હું ઋણી છું. વિશેષ ઉલ્લેખ દીપક દોશીનો કરવો જોઈએ, જેમણે આમાંની લગભગ અડધી વાર્તાઓ પ્રગટ કરી!

સદ્‌ભાગ્યે મને પ્રકાશકો પણ બહુ સારા મળ્યા છે. 'ગુર્જર'ના શ્રી મનુભાઈ શાહ, 'લજ્જા પબ્લિકેશન્સ'ના કનુભાઈ પટેલ તથા 'ડિવાઇન પબ્લિકેશન્સ'ના અમૃતભાઈ ચૌધરી; આ સહુનો હું આભારી છું.

મારાં મોટાભાગનાં પુસ્તકો અપ્રાપ્ય હતાં અને કોઈ દિશામાં નવી આવૃત્તિ કરવા બાબતે ઉત્સાહ દેખાતો ન હતો; આવા સંજોગોમાં ઝેન ઓપસે એક-બે નહીં સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ કરવાની તૈયારી બતાવી. બાર વાર્તાસંગ્રહો અને લગભગ અઢીસો વાર્તાઓ; મને એમ કે બે ભાગ થશે, તો ઝેન ઓપસે ચાર ભાગમાં તેને પ્રગટ કર્યા જેથી હાથમાં લઈ વાચવામાં સરળતા રહે!

દરેક તબક્કે મારી અનુકૂળતાનો વિચાર કર્યો અને આટલું મોટું કાર્ય ધાર્યા કરતાં વહેલું પૂરું કર્યું તે માટે ઝેન ઓપસનો ઋણી છું.

17-10-2025 **– પ્રવીણસિંહ ચાવડા**

# ગૃહકાર્ય

શંકુને શોધીને એની સાથે સંપર્ક સાધવાનું કામ એક રીતે મને સોંપાયેલું ગૃહકાર્ય હતું. ગુરુઓ, વડીલો કે અન્ય રીતે આપણી ઉપર આધિપત્ય ધરાવનારાંઓનો એ વિશેષાધિકાર હોય છે. આદેશ કરીને એ કામ સોંપી શકે છે. ઋતુજા આજે તો સાદા, ભૌતિક અર્થમાં પણ મારાથી ઘણી દૂર છે. એ પરણીને પરદેશ ગઈ એ વાતને ત્રણ વર્ષ થઈ ગયાં છે અને અમારી વચ્ચે કાળની નદીનો ઘુઘવાટ દિવસેદિવસે વધી રહ્યો છે. ધુમ્મસની આરપાર સામે કાંઠે નજર કરું છું પણ કોઈ તાપણું દેખાતું નથી. એક વખતની ખૂબ પરિચિત વ્યક્તિનો ચહેરો પણ કેટલીક વાર તો યાદ આવતો નથી. ક્યારેક હાસ્યની કિનારીઓવાળા ઢગલો ફોટોગ્રાફ્સ એના ઘરના, વરના, છોકરાના મોકલે છે એમાં પણ એ ઓળખાતી નથી. આટલી વાત મારા પક્ષની થઈ. ક્યારેક ફોન કરે છે ત્યારે એનો અવાજ તો બુલંદ હોય છે. શું કરો છો મજામાં છો એવા બે વ્યવહારુ લસરકા મારી, જવાબની પ્રતીક્ષા કર્યા વગર એ જે તે સમયની પોતાની સમસ્યા રજૂ કરે છે : આ 'નીતિશતક' શું છે? હમણાં એક પાર્ટીમાં કોઈ વાત કરતું હતું. એ દેશની મહેફિલોમાં ભર્તૃહરિને શા માટે યાદ કરવામાં આવતા હશે એવો પ્રશ્ન મને થાય છે, પણ સાથે જ મારું મન તો રતનપોળની ભીડ વચ્ચે રસ્તો કરતું એક ગલીની જૂની ખડકી શોધી એના તરછોડાયેલા પુસ્તકભંડારનો દાદર ચડવા લાગે છે. હું કહું છું– મળશે, મોકલી આપીશ. બીજું કંઈ કહેવાનું છે? શરીર સાચવવા માટે તોછડો આદેશ કરી એ ફોન મૂકી દે છે.

માગણીઓમાં, પ્રસ્તાવોમાં ખૂબ વૈવિધ્ય હોય છે. હમણાં મારી એક ઉદ્વિગ્ન મધરાતે એણે મને પથારીમાંથી બેઠો કર્યો. હું કોણ છું, ક્યાં છું, આકાશના કયા ખૂણેથી આ કોનો સ્વર આવે છે એવું કંઈ સ્પષ્ટ થાય તે પહેલાં કોઈ પ્રસ્તાવના વગર ફરિયાદ આવી. શંકુ ક્યાં છે? એ શું કરે છે? ક્યારેય મળવાનું થાય છે?

અંધારામાં રિસીવર સાથે માથું ટેકવી હું બારીની બહાર તાકતો બેસી રહ્યો. થયું, હમણાં ક્યાંક કોઈ ઘરનું બારણું ઊઘડશે અને શંકુ દોડતી આવશે.

"તપાસ કરો. આમેય તમારે નવરાને બીજું શું કામ હોય છે?"

મેં કહ્યું, "નવરો થઈ ગયો છું એ સાચું."

વળી સ્વર તરડાઈ ગયો. એની ખૂબ ચિંતા થાય છે. એક વાર એનો અવાજ સાંભળવો છે. શોધીને કાન પકડી ટેલિફોન બૂથ પાસે ઢસડી લાવો. ગુંડા જેવા કોઈ માણસ સાથે પરણાવી દીધી છે એ વાત સાચી? ખૂબ મારે છે, લોહી કાઢે છે?

•

અન્યત્ર શું હશે એ ખબર નથી પણ એ જમાનામાં દોશીની પોળમાં ભદ્રામાસીને ઘેર જીવનની ગતિ મંદ હતી. સંબંધો પણ આજે ન સમજાય એવા હતા. મારી બા અને ભદ્રામાસી બંનેનું

પિયર મોડાસામાં. એ સગપણે હું અને ઋતુજા ભાઈ-બહેન થયાં એમ એ બહેનપણીઓએ સ્વીકારી લીધું હતું. મારે ભણવાનું પૂરું થયું હતું અને છાપાં ફેંદી નોકરી માટે અરજીઓ કરતો. એ વજનવિહીન સ્થિતિમાં ડોલતો ડોલતો રોજ સાંજે દોશીની પોળે પહોંચી જતો. ઋતુજા ત્યારે કૉલેજમાં હતી અને ભદ્રામાસી ઘણા સંતોષ સાથે ફરિયાદ કરતાં એમ, ખૂબ મોઢે ચડાવેલી હતી. હું એ ઘરમાં પગ મૂકું ત્યારે મારી સાથે એ પણ મહેમાન બની જતી. ઘરની વચ્ચેનો ચોક અને ગાદી-તકિયાવાળી બેઠક મારી સ્મૃતિમાં ઝાંખું, બરડ ચિત્ર બનીને જળવાઈ રહ્યાં છે. તકિયાને અઢેલીને ચોટલા સાથે રમત કરતી છોકરી અને સામે પલાંઠી વાળીને એનું ધ્યાન ધરતા એકાગ્ર યુવાન વિશે હવે આટલાં વર્ષે વાત કરવાનો કોઈ અર્થ નથી.

છતાં, ચિત્રવાળી વાત આગળ ચલાવવી હોય તો એમ કહી શકાય કે હાંસિયા પાસે ઊભી રહીને ચામર ઢોળતી યક્ષકન્યા તે શંકુ. જોકે વાસ્તવિક જીવનમાં એ યક્ષિણી ઓછી અને દાસી વધારે હતી. સામે જ એના ઘરનું બારણું પડતું અને મને જોઈને થોડું સાચું, થોડું બનાવટી બીતી એ ધીમા પ્રાયોગિક પગલે આવતી. ઋતુજાથી ઉંમરમાં બે વર્ષ પણ બીજી રીતે ઘણી નાની હતી. બે માણસોનું એ રીતે સામસામે મૂંગા બેસી રહેવું એને સમજાય નહીં તેથી ચિડાતી અને અમારા જાદુઈ વર્તુળની કિનારીને સળીઓ કરતી ફર્યા કરતી.

પડોશની રમતિયાળ છોકરીનું આગમન ભદ્રામાસીને ઉત્સાહિત કરતું નહીં તેનું કારણ હું શરૂઆતમાં સમજી શક્યો નહોતો. મને જોઈને તો એ ખૂબ ખુશ થતાં. એમની સમજ પ્રમાણે ઋતુજાનું થોડું ચસકેલું હતું અને એનો ઉપાય મારી પાસે હતો. છેક રસોડામાંથી ટહુકા કરતાં એમની બહેનપણી અને બનેવીના સમાચાર પૂછતાં અને કંઈ નાસ્તા બનાવીને રજૂ કરતાં. તું ખાય તો તારી સાથે આ છોકરી બે કોળિયા મોઢામાં નાખે. બહારના કોઈ પણ માણસની હાજરી એમને સારી લાગતી. એમાંયે ઋતુજાનાં કૉલેજનાં મિત્રો આવે અને ઘર યુવાન હાસ્યથી ભરાય તેથી વિધવા હરખાતી. કંઈક વિચિત્ર લાગે એવી વાત એ હતી કે બીજી બધી દૃષ્ટિએ ખૂબ જુનવાણી એવાં ભદ્રામાસી એ મંડળીમાંથી કોઈ છોકરા-છોકરીનું ગોઠવાય એમાં રસ લેતાં અને એ વિષય માટે અનિવાર્ય ગણાય એટલી કૂટબુદ્ધિ વાપરી પ્રેમીઓને મેડીનું એકાન્ત પણ આપતાં. એ ભદ્રામાસી શંકુ સાથે લગભગ અછૂત જેવો વ્યવહાર કરતાં એનું કારણ એક વાર ઋતુજાએ માના જેવા મુખભાવો કરતાં છણકા અને અણગમા સાથે થોડી ગોળગોળ વાતો કરી ત્યારે મને સમજાયું. વિધવા મા અને એકની એક પુત્રી એવું સામ્ય ધરાવતાં બે કુટુંબો આજીવિકાના સાધન બાબતે જુદાં પડતાં હતાં. માસા સારી કંપનીઓના થોડા શેર મૂકી ગયા હતા. બજારમાં બે દુકાનો હતી એમનું ભાડું આવતું. એ ઉપરાંત પણ ભદ્રામાસી તો પાપડ-ખાખરા બનાવી મહિને ચારસો-પાંચસો રૂપિયા રળી લેતાં. એથી ઊલટું સામે ઘેર આવકના કોઈ દેખીતા સાધન સિવાય પણ મોટા ચાંલ્લા થાય, પાન ચવાય અને અંધારામાં ચોર જેવા માણસોની અવરજવર રહે તે ભદ્રામાસી કેવી રીતે સ્વીકારી શકે?

ચિત્ર પથ્થર કે કૅનવાસ ઉપર નહીં, ઝાકળ ઉપર દોરેલું હશે તેથી તેને ઊડી જતાં વાર લાગી નહીં. ભણવાનું પૂરું થયું એ મોજા સાથે ઊંચકાઈને ઋતુજા પરણી ગઈ. એ સમયે બીજા પણ કેટલાક ફેરફારો થયા. ભદ્રામાસીનું મારા તરફનું વલણ થોડું બદલાયું. મારા વર્તનમાં કંઈ અજુગતું તો નહીં હોય પણ કન્યાના ભાઈને શોભે એવો ઉત્સાહ નહીં દેખાયો હોય. ઊંઘમાંથી જાગ્યાં

હોય એમ એ મારી સામે શંકિત નજરે જોવા લાગ્યાં. કોઈ ધૂતકારીને કાઢે અને પાછળ ધડાકા સાથે બારણું બંધ થાય એ જરૂરી નથી. એના કરતાં ઓછી તીવ્રતાવાળાં ઇંગિતો પણ અતિથિને દૂર રાખવા માટે પૂરતાં હોય છે.

ભૂકંપની સાથે કીડીના પગમાં ઝાંઝર જેવી એક ઘટના બની એ તરફ તો કોઈનું ધ્યાન ક્યાંથી જાય? અહીં મંડપ બંધાતો હતો અને રસોઈયા સાથે મસલતો થતી હતી ત્યારે સામે રહેતા કુટુંબને રાતોરાત પોટલાં લઈ નીકળવું પડ્યું. મકાનમાલિક પાસે ફરિયાદો ગઈ હશે. આમ પણ નાયિકાની વિદાય પછી દાસીની એ શેરીમાં જરૂર નહોતી.

●

જેના રહેઠાણ વિશે માહિતી નથી એવી વ્યક્તિને શોધી કાઢવાનું કામ જાસૂસી કૌશલ્ય માગી લે છે. તમારી પાસે કોઈ આધાર નથી? વાંધો નહીં. શહેરનો નકશો સામે પાથરીને શ્રદ્ધા સાથે બેસો. જે બિંદુ ઉપર આપોઆપ ધ્યાન કેન્દ્રિત થાય ત્યાં આંગળી મૂકો. એ છે તમે શોધો છો તે મકાન. અંધકારનો ડગલો પહેરીને ત્યાં જાઓ. બારીમાંથી ડોકિયું કરશો તો તમને મોટી મૂછો અને વિસ્ફારિત આંખોવાળો એક માણસ દેખાશે. એની નજર ચૂકવી, જે સ્ત્રીનો ચોટલો એણે ઝાલ્યો છે એ સ્ત્રીની સાથે એક ક્ષણ માટે દૃષ્ટિ મિલાવી એને સાંત્વન આપો. મારી ઓળખાણ પડી? ન પડી હોય તો વીંટીની નિશાની મંગાવું અમેરિકાથી. સૂક્ષ્મતાને બાદ કરીએ તો બાકીનું બધું કુરિયર મારફત આવે છે.

અથવા, સેલ્સમેનનો વેશ ધારણ કરો. બહેનજી, પેન વેચવા આવ્યો છું, દૂર કોઈને પત્ર લખવો હોય તો. પવિત્ર થવું હોય તો પાણીને શુદ્ધ કરવાનું યંત્ર લાવ્યો છું. છેવટે, બીજું કંઈ નહીં તો, શાકની લારીવાળો છું. અહાલેક! કારેલાં અને પરવળની સાથે પડીકામાં બાંધીને એક સમાચાર આપવા છે –

મારી સાધના ફળી અને એક મકાન દેખાયું. ચોકની વચ્ચે લીમડો, એની પાસે ચબૂતરો અને ચબૂતરાને સમાંતર મેડી. આ સ્થળ કયું હતું? યાદ આવ્યું. સામે ઘેરથી શંકાસ્પદ માણસોને હાંકી કાઢવામાં આવ્યાં છે તે જાણવા મળ્યું ત્યારે ઋતુજાની પાંખો થંભી ગઈ હતી. એણે મને સજળ સ્વરે કહ્યુંઃ આ તો ન ચાલે. મારાં લગ્ન અને એમાં શંકુડી નહીં એ કેવું? કંઈ નહીં તો છેવટે એક વાર એને જોવી પડશે. એ તો રિવાજ પ્રમાણે બારીના સળિયાને ચાદર બાંધવા લાગી, પણ એવા સાહસની જરૂર પડી નહીં. ચપટી વગાડતો હોઠ ફફડાવતો હું આગળ થયો અને ગુલાલથી રંગાયેલા ટોળાને વીંધીને અમે નીકળી ગયાં. કોઈ અમારી સામે જોવા નવરું નહોતું! મેંદીવાળા પગ જ્યાં થંભ્યા ત્યાં ચબૂતરો અને એને સમકક્ષ મેડી હતી. એ ઘર શંકુની માની સગી કે કાલ્પનિક ફોઈનું હતું. પ્રથમ તો ફોઈએ અમને ઊલટા-સૂલટા અનેક પ્રશ્નો પૂછ્યા. પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં એ પછી જ અંદરના ઓરડામાંથી લાવીને મા-દીકરીને હાજર કરવામાં આવ્યાં. મને થયું, બે દિવસમાં આટલું પરિવર્તન? અમે બેઠાં હતાં ત્યાં પગ મૂકવાની હિંમત નહોતી એટલે બારણામાં એકબીજાને વળગીને ઊભાં રહ્યાં. ઊંચું જોયું નહીં. વાચા પણ નહોતી. જે જાદુ થયું હતું એમાં બંને સંકોચાઈને કદમાં પણ નાનાં થઈ ગયાં હતાં. હીનતા અને અપરાધનો ભાવ અમારે પક્ષે પણ હતો એટલે ઋતુજા પણ જે કહેવા આવી હતી તે કહી શકી નહીં. બહેનપણીઓએ એકબીજીને જોઈ લીધી. મા-દીકરી-અંદર ચાલ્યાં ગયાં અને અમે દાદર ઊતરી ગયાં.

●

અમેરિકાના આદેશને માથે ચડાવી હું એ દાદર ફરીથી એક વાર ચડ્યો ત્યારે ફોઈ એકલાં નહોતાં. એમની સાથે બીજી બે સ્ત્રીઓ મેડીની વચ્ચે બેસીને ઘઉં વીણતી હતી. બારીક કાંકરીઓ પકડવા માટે ફોઈએ ચશ્માં ચડાવ્યાં હતાં તે તરત ઉતારી લીધાં અને મારી સામે તટસ્થતાથી જોઈ રહ્યાં.

દાદરના છેલ્લા પગથિયે ઊભા રહીને મેં હિંમત કરી, "હું–"

"ઓળખાણ પડી એ તો."

"દોશીની પોળવાળાં."

"બધી ખબર છે."

બેસવાનું કહેવામાં આવ્યું નહીં તેથી થોડી વાર ઊભો રહ્યો. પછી નાછૂટકે એક ખુરશીના છેડે અતડું બેઠો. લસરક સૂપડાં અટકતાં નહોતાં.

મેં કહ્યું, "શંકુ..."

"કમલ, આ ભાઈને પાણી આપ."

કમલ તરીકે ઓળખાયેલી સ્ત્રીએ મારી સામે આંખો નચાવી, અર્થપૂર્ણ હાસ્ય કર્યું અને સાલ્લાના છેડાથી હાથ લૂછતી રસોડામાં ગઈ. આવી ત્યારે પ્યાલો મારા હાથમાં આપી સાવ સામે એવી રીતે ઊભી રહી કે બધી ઘઉં વીણનારીઓ ઢંકાઈ ગઈ. એની દૃષ્ટિ કહેતી હતી– આ પાણી પાણી નથી, ઘઉં ઘઉં નથી. બધું સાંકેતિક છે. બુદ્ધિને નીચોવશો તો તમને રસનું એક ટીપું મળશે.

વળી સ્ફૂર્તિલી આંગળીઓ ઘઉંની વચ્ચે ફરવા લાગી. વાતચીત શક્ય નહોતી એ સ્પષ્ટ થયું એ પછી પણ શરમ છોડીને હું ગરજુડો બેસી રહ્યો. ફોઈની આંખોએ તો બધા ભાવ નિતારીને ફેંકી દીધા હતા પણ કમલ અને એની સાથીદારોની આંખો એટલી તટસ્થ નહોતી. ઘઉં વીણવાની એમની શૈલીમાં પણ ફેર હતો. કાંકરી હાથમાં આવે એનો ફોઈ ખૂબ ઘૃણા સાથે ઓરડાના ખૂણા તરફ પ્રહાર કરતાં હતાં. યુવતીઓને વીણામણ તરફ એવો તિરસ્કાર નહોતો. કાંકરીને એ હાથમાં લેતી હતી, હથેળી વચ્ચે રાખી તપાસતી હતી, મારી સામે જોતાંજોતાં એને વહાલથી રમાડતી હતી, પછી ચીવટથી, ભવિષ્યમાં ઉપયોગમાં લેવાની હોય એમ, બાજુમાં મૂકતી હતી.

વિલંબિત લસરકા તો મને વિદાય આપી ચૂક્યા હતા. હું ઊભો થયો, હાથ જોડ્યા અને દાદર ઊતરવા લાગ્યો.

ત્રીજા પગથિયે માથા ઉપર પ્રશ્ન આવ્યો, "શું કામ હતું છોડીનું?"

"એ તો ઋતુનો ફોન હતો અમેરિકાથી. ઋતુ, તે દિવસે અમે બે નહીં આવેલાં?"

"બધ્ધું યાદ છે."

કંઈ પણ યાદ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવે તેથી ફોઈની સ્મરણશક્તિનું અપમાન થતું હતું.

થોડી વાર હું કઠેડાને લટકી રહ્યો ત્યાં વળી એક કાંકરી મારી તરફ આવી, "એ અભાગણીની તો ખબર નથી પણ એની મા પાલડીમાં કોઈ આશ્રમ કહ્યો કે હૉસ્ટેલ એમાં પડી રહે છે."

આશ્રમનું નામ-સરનામું પૂછ્યું ત્યાં એકસાથે છ હાથ મારી સામે ઉગામાયા અને હું નાઠો.

●

મોટા શહેરના કોઈ વિસ્તારમાંથી અમુક પ્રકારની સંસ્થાઓને શોધી એમાં સંતાયેલી એક ચોક્કસ વ્યક્તિનો સંપર્ક સાધવાનું કામ સહેલું નથી, પણ મારામાં ધીરજ અખૂટ છે. છેલ્લા પંદર દિવસમાં આવી ચાર સંસ્થાઓની મુલાકાત લેવામાં સફળ થયો છું. દિવસના કોઈપણ સમયે દરવાજાની બહાર થોડા પુરુષો એકબીજાની નજર ચૂકવતા, ચહેરાનો નેવું ટકા ભાગ ગોગલ્સ અને હાથરૂમાલની પાછળ ઢાંકતા, જુદી જુદી મુદ્રાઓમાં ઊભા અથવા લટકતા હોય છે. સાડી જેવા વસ્ત્ર સિવાય બીજે ક્યાંય સ્ત્રીત્વ ન રહ્યું હોય એવી મેનેજરો ટેબલની નીચે ચાબુક રાખતી હશે એવું મુલાકાતી સહેલાઈથી કલ્પી શકે છે. બેસવાનું કહેવામાં આવતું નથી. દૃષ્ટિની ગરમી વડે ભસ્મ કરી દેવાનો પ્રયત્ન થાય છે. હું મનોમન કહું છુંઃ બહેનજી, મારી સામે ધારીને જુઓ. પેલું તત્ત્વ મારામાં સહેજેય દેખાય છે? જુલ્ફાં સજાવ્યાં નથી, કાનની પાછળ અત્તરનો ઈશારો નથી.

“બીજે તપાસ કરો.”

“સુશ્રી, બીજી આવી સંસ્થાઓનાં નામ.”

અચાનક, જેના નકાર માટે એવડી મોટી સંસ્થા ઊભી કરવામાં આવી છે તે રસિકતા એના સ્વરમાં આવી જાય છે. ગરદન ઊછળે છે, આંખો નાચે છે. “એ માહિતી ન મળે. કૉન્ફિડેન્શલ ગણાય.”

ત્યાં, કાળાં ચશ્માંને કારણે અંધ લાગતો કોઈ યુવાન, પોતાની ઓળખાણ અમુકના મામા કે ફુઆ તરીકે આપતો, મને હડસેલીને મેનેજરની સામે ઊભો રહે છે અને હું ઓફિસની બહાર નીકળી જાઉં છું.

●